# અલંકાર

- સામાન્ય રીતે અલંકારનો અર્થ આભુષણ એવો થાય છે.
- જેવી રીતે આભુષણ વ્યક્તિના સોંદર્યમાં વધારો કરે તેવી રીતે અલંકાર ભાષાના સોંદર્યમાં વધારો કરે છે.
- અલંકાર શબ્દ "**અલમ્ + કાર**"નો બનેલો છે.
    - અલમ્ = પર્યાપ્ત
    - કાર = કરનાર
- એટલે કે કશુ ઉમેરવાનું બાકી ન રહે એવી પૂર્ણતા લાવે તે અલંકાર.
- ભાષામાં રસયુક્ત વાક્યને અલંકાર કહે છે.
- અલંકારથી ભાષામાં રમણીયતા જન્મે છે.
- અલંકારના બે પ્રકાર છે.
    - શબ્દાલંકાર
    - અર્થાલંકાર

## શબ્દાલંકાર

- શબ્દોને આધારે રચતા અલંકારને શબ્દાલંકાર કહેવાય છે.
- આ અલંકારમાં શબ્દોની ગોઠવણીને આધારે ભાષાના સોંદર્યમાં વધારો થાય છે.

### 1. વર્ણાનુપ્રાસ / વર્ણસગાઈ

- વર્ણ એટલે અક્ષર.
- પ્રાસ એટલે તાલમેલ
- વર્ણસગાઈ એટલે એકના એક શબ્દ સાથેનો સબંધ.
- એક જ પંક્તિમાં કે વાક્યમાં એકનો એક વર્ણ શબ્દના આરંભે બે કે તેથી વધારે વખત આવે તેવા અલંકારને વર્ણાનુપ્રાસ અલંકાર કહેવાય છે.
- દા.ત. :

- સાગરે **ભા**સતી **ભ**વ્ય ભરતી.
- **કા**શીમાએ **કા**મ **કા**ઢ્યું.
- **ધ**નતેરસે **ધ**ન **ધો**ઈને સજ્યા સોળા શણગાર.
- માંગવું મૃત્યુ **પ્ર**માણા છે **પ્રા**ણીને.
- સહિયરનો સાથ ત્યજ્યો સામયે રે લોલ.
- **પા**ણી માટે **પ્ર**ભાશંકર **પા**ણિયારા **પા**સે ગયા.
- **પ્રી**ત કરું **પ્રે**મથી **પ્ર**ગટ થાશે.
- **લ**ગન **લ**ગાડે આગ.
- **કા**ળો **કા**નુડો **કા**ળી **કા**મળી વાળો.
- **કા**કાએ **કા**ચના **ક**ટોરામાં **કે**રીઓ **કા**પીને મૂકી.

**2. શબ્દાનુપ્રાસ / યમક**

- એક જ પંક્તિ કે વાક્યમાં એક જ શબ્દ(શબ્દસમૂહ) અથવા સરખા ઉચ્ચારવાળા (પ્રાસવાળા) શબ્દો એક કરતા વધારે વખત આવે અને દરેક વખતે તેનો અર્થ જુદો થતો હોય તેવા અલંકારને શબ્દાનુપ્રાસ અથવા યમક અલંકાર કહેવાય છે.
- દા.ત. :
  - **જવાની** તો **જવાની** છે.
  - **તપેલી** તો **તપેલી** છે.
  - મેં **અખાડા**માં જવાના ઘણીવાર **અખાડા** કર્યા.
  - જે વાંચે **ચોપડી** તે **ચોપડી** **ચોપડી** ખાય.
  - થયા પુરા બેહાલ, **સુરત** તુજ રડતી **સૂરત**.
  - **દીવા નથી** દરબારમાં, **દીવાનથી** દરબારમાં છે અંધારુ ઘોર.
  - મોર **ઉર વસી** એ દિવ્ય **ઉર્વશી**.
  - **નોકરી** તો **નો કરી** જેવી છે.
  - ગા**યક** ન લા**યક** તું ફોગટ ફૂલાણો છે.
  - સુલ**તાન**ના મોકલ્યાં બે મિયાં મુલ**તાન**માં ગુલ**તાન** જતા હતા.

- જાંબા<u>ળા</u> – ખોપા<u>ળા</u> તગડીને ભડી ને ભાવનગર

### 3. આંતરપ્રાસ / પ્રાસસાંકળી

- જયારે પ્રથમ ચરણના છેલ્લા શબ્દો અને બીજા ચરણના પહેલા શબ્દ વચ્ચે પ્રાસ રચાય ત્યારે આંતરપ્રાસ અથવા પ્રાસસાંકળી અલંકાર બને છે.
- દા.ત. :
  - વિદ્યા ભાણિયો <u>જેહ</u>, **<u>તેહ</u>** ઘર વૈભવ રૂડો.
  - મહેતાજી નિશાએ **<u>આવ્યા</u>**, **<u>લાવ્યા</u>** પ્રસાદને કર્યો ઓચ્છવ(ઉચ્છવ, ઉત્સવ).
  - જાણી લે જગ**<u>દીશ</u>**, **<u>શીશ</u>** સદગુરુને નામી.
  - ઘેર પધાર્યા હરિગુણ **<u>ગાતા</u>**, **<u>વાતા</u>** તાલ, શંખને મૃદંગ.
  - પ્રેમ પદારથ અમો **<u>પામીએ</u>**, **<u>વામીએ</u>** જીવન મરણ જંજાળ.
  - હરિના જન તો મુક્તિ ન **<u>માગે</u>**, **<u>માગે</u>** જનમોજનમ અવતાર રે.

### 4. અંત્યાનુપ્રાસ

- દરેક ચરણને અંતે સરખા ઉચ્ચાર વાળો શબ્દ આવ્યો હોય ત્યારે અંત્યાનુપ્રાસ બને છે.
- દા.ત. :
  - જેની જશોદા **<u>માવલડી</u>**, ચરાવે **<u>ગાવલડી</u>**.
  - ના હિન્દુ નીકળ્યા, ના મુસલમાન **<u>નીકળ્યા</u>**<br>કબરો ઉઘાડીને જોયું તો ઇન્સાન **<u>નીકળ્યા</u>**.
  - લે કવચકુંડળ હવે આપી **<u>દીધી</u>**,<br>મેં જ મારા બે હાથ કાપી **<u>દીધા</u>**.
  - ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી **<u>હોતી</u>**,<br>જે સારા હોય છે તેની દશા સારી નથી **<u>હોતી</u>**.
  - મેં મકાનો બાંધવાને જે **<u>ઘડ્યા</u>**,<br>રે તે ખીલા તો અહીં **<u>જડ્યા</u>**.

- જળમાં જડતું નથી તટને **<u>તપાસીએ</u>**,
  એ બિંબ શોધી કાઢવા મનને **<u>તપાસીએ</u>**.
- જમિ ગઈ તરત ઘોર કરાલ **<u>રાત</u>**,
  લાગી બધે પ્રસરવા પુર માહીં **<u>વાત</u>**.

## <u>અર્થાલંકાર</u>

➢ શબ્દના અર્થના આધારે ભાષાના સૌંદર્યમાં વધારો કરતા અલંકારને અર્થાલંકાર કહેવાય છે.

### 1. ઉપમા

➢ જયારે કોઈ એક વસ્તુને કોઈ એક ખાસ ગુણ કે બાબત અંગે બીજી વસ્તુ સાથે સરખાવવામાં આવે ત્યારે ઉપમા અલંકાર બને છે.

| દમયંતીનું | <u>મુખ</u> | <u>ચંદ્ર</u> | <u>જેવું</u> | <u>સુંદર</u> | છે. |
|---|---|---|---|---|---|
| | ઉપમેય | ઉપમાન | ઉપમાવાચક શબ્દ | સાધારણ ધર્મ | |

**ઉપમેય** : જેની સરખામણી કરવામાં આવે તે.

**ઉપમાન** : જેની સાથે સરખામણી કરવામાં આવે તે.

**સાધારણ ધર્મ** : બન્ને વચ્ચે રહેલ સમાન ગુણ.

**ઉપમા વાચક શબ્દ** : સરખામણી દર્શાવનાર શબ્દ.

➢ જેવો, જેવા, જેવી, શા, શી, શું, શો, માફક, પેઠે, જેમ, સમું, સરખું, સમોવડુ, સમાન, સમાણું, તુલ્ય, સાદૃશ્ય, સરીખું, જેવડું, પ્રમાણ, વત્, તેમ, તણા, કેરા, કેરી, કેરું.

➢ દા.ત. :

- મહુડા માયા ઉતારતા યોગી **<u>જેવા</u>** લાગે છે.
- ભર્યા કદમ ભૂમિમાં નવજવાન **<u>શા</u>** ડોસલે!

- અનિલ **શી** ઝટ ઉપડી સાંઢણી.
- સાવ બાળકના **સમુ** છે આ નગર.
- વ્રજ **સમણા** ગઢને તપાસીએ.
- ધીમે ધીમે ડગલા ધરતો – કોઈ મત ગજેન્દ્રની **માફક**.
- માગવું મૃત્યુ **પ્રમાણ** છે પ્રાણીને.
- શિશુ **સમાન** ગની સહદેવને.
- સ્વામી સાગર **સરીખા** રે નજરમાં ન માય કદી.
- ખોબાં **જેવડા** ગુલાબ લલચાવતા હતા.
- કમલ**વત્** ગણીને બાલના ગલ રાતા.
- કાચ, ઘડિયાર અને સત્યની **પેઠે** ટાઇમટેબલ પણ નાજુક વસ્તુ છે.
- હો સુખડ **સમુ** ઉર મારું.

**2. અનન્વય**

- ઉપમેયની સરખામણી કરવા યોગ્ય ઉપમાન ન મળે ત્યારે ઉપમેયની સરખામણી ઉપમેય સાથે જ કરવામાં આવે છે આવા અલંકારને અનન્વય અલંકાર કહેવાય છે.
- દા.ત. :
    - **ગાંધીજી** એટલે **ગાંધીજી**.
    - **મા** તે **મા** ને બીજા વગડાના વા.
    - **અબળા**ની શક્તિ તો **અબળા** જેવી.
    - **હિરો** તે **હિરો** અને કાચ તે કાચ.
    - **મનેખ** જેવા **મનેખ**નેય કપરો કાળ આવ્યો છે.
    - **ટંડેલાઈ** ઈ **ટંડેલાઈ**.
    - **દાદાજી** એટલે **દાદાજી**.
    - **જોગનો ધોધ** એટલે **જોગનો ધોધ**.

### 3. રૂપક

- ઉપમેય અને ઉપમાન એક જ હોય એમ બતાવવામાં આવે ત્યારે રૂપક અલંકાર બને છે.
- આ અલંકારમાં એક વસ્તુને બીજી વસ્તુનું રૂપ આપવામાં આવે છે.
- એક વસ્તુ જ બીજી વસ્તુ છે એમ માની લેવામાં આવે છે.
- દા.ત. :
    - ચર્ચા એ લોકશાહીનો પ્રાણ છે.
    - બપોર એક મોટું શિકારી કૂતરું છે.
    - ડોલતો ડુંગર ઈ તો અમારો સસરો જો.
    - પુલ નીચે વહેતી નદી તો સાચુકલી માં છે.
    - મારે મન લાઈબ્રેરી લોકશાહીનું મંદિર છે.
    - પંડ્યાની પેટીમાં પારસ છે પડ્યો.
    - આ સંસાર સાગર તરવો સહેલો નથી.
    - સાધુજનોની હૃદય-ગંગા સૌને પવિત્ર કરતી હોય છે.
    - પ્રેમપંથ પાવકની જ્વાલા.
    - હૈયાના હોજમાંથી આ શું પાણી છલકાય છે.
    - રામ રમકડું જડિયું.
    - તારી આંગળીઓ લાવ, તને પહેરવું તડકાની વીંટી.
    - એમની આંખોમાં લાગણીની ભીનાશ હતી.

### 4. વ્યતિરેક

- ઉપમેયને ઉપમાન કરતા શ્રેષ્ઠ બતાવવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે.
- દા.ત. :
    - **શિક્ષક** એટલે **બાપ** કરતા પણ વિશિષ્ટ.
    - એનુ **અંગ** **કમળ**થીયે કોમળ છે.
    - **રાજુની ગાળો** તો તેને **મધ**થીયે મીઠી લાગતી હતી.

- **<u>નયન બાણ</u>** કરતા **<u>જીહ્વાબાણ</u>** વધારે કાતિલ નિવડે છે.
- પૂ. બાપુનું **<u>હૃદય</u>** **<u>ફૂલ</u>** કરતાય કોમળ હતું.
- દમયંતીના **<u>મુખ</u>** પાસે **<u>ચંદ્ર</u>** પણ નિસ્તેજ લાગે.
- **<u>સુદામા</u>**ના વૈભવ આગળ **<u>કુબેર</u>** તે કોણ માત્ર?
- **<u>ધરતી</u>** માતાએ હશે ધ્રૂજતી રે લોલ
  અચળા અચૂક એક **<u>માત</u>** રે … …

**5. ઉત્પ્રેક્ષા**

- જયારે ઉપમેય અને ઉપમાન બન્ને એકરૂપ છે એવી સંભાવના વ્યક્ત કરવામાં આવે ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.
- આ અલંકારમાં એક વસ્તુ બીજી વસ્તુ હોવાની શંકા કે કલ્પના કવામાં આવે છે.
- આ અલંકારમાં જાણે, રખે, શકે, ભણે, લાગે, દિસે વગેરે જેવા ઉત્પ્રેક્ષા વાચક શબ્દો આવે છે.
- દા.ત. :
  - સાવજ ગરજે ! **<u>જાણે</u>** કો જોગંદર ગરજે.
  - દેવોના ધામ **<u>જેવું</u>** હૈયું જાણે હિમાલય.
  - ઉપાન(જોડ) રેણુએ(રજ) આભ છાયો **<u>શું</u>** સૈન્ય મોટું જાય.
  - હોડી **<u>જાણે</u>** આરબની ઘોડી.
  - કાયાના સરોવર **<u>જાણે</u>** હેલે ચડ્યા.
  - દમયંતીનું મુખ તો **<u>જાણે</u>** ચંદ્ર.
  - થાય છે મારી નજર **<u>જાણે</u>** હરણ.

**6. વ્યાજસ્તુતિ**

- જયારે દેખિતી રીતે નિંદાના બહાના હેઠળ કોઈની પ્રશંસા થઈ હોય અથવા પ્રશંસાના બહાના હેઠળ કોઈની નિંદા થતી હોય તેવા અલંકારને વ્યાજસ્તુતિ અલંકાર કહેવાય છે.

- દા.ત. :
    - વાહ પહેલવાન! પાપડ તોડી નાખ્યો.
    - દોડવામાં હું હંમેશા પહેલો જ રેહેતો – પાછળથી ગણાતા.
    - તમે ખરા રમતવીર! ઉગતો બાવળ કુદી ગયા.
    - તેના સંગીતનો એવો જાદુ, કુંભકર્ણની કૃપા યાચવી જ ન પડે.
    - ગાંધીજી હિંસા અને અસત્યના કટ્ટર વેરી હતા.
    - સમીરને છેલ્લી પાટલી પર બેસવાનો શોખ છે.
    - સુર્યોદેવ! તમારા કિરણોએ શું ધોળું કર્યું? અંધકારનું મુખ તો કાળું થઈ ગયું છે.

**7. શ્લેષ**

- એક જ વિધાન કે કાવ્ય પંક્તિમાં અનેકાર્થી(દ્વિઅર્થ) શબ્દ પ્રયોજાયો હોય અને તેને લોધે વિધાન કે કાવ્ય પંક્તિના એજ કરતા વધારે અર્થો થાય તેવા અલંકારને શ્લેષ અલંકાર કહેવાય છે.
- દા.ત. :
    - તમે  પસંદ કરેલુ પાત્ર પાણી વગરનું છે.
    - રવિ નિજ કર તેની ઉપર ફેરવે છે.
    - આ રમાણીનો રાગ કોને મુગ્ધ ન કરે.
    - અઢળક ઢળિયો રે શામળિયો.
    - ચોમાસું આવતા સૃષ્ટિ નવું જીવન મેળવે છે.
    - એમનું હૃદય કામ વિશે ડૂબેલું હતું.
    - અંધકારના આ સાગરમાં કોઈ તારો નથી.
    - એ કેવી રીતે ભૂલે પોતાની પ્યારી માને.

**8. સજીવારોપણ**

- નિર્જીવ અંદર સજીવનું આરોપણ કરવામાં આવે ત્યારે સજીવારોપણ અલંકાર કહેવામાં આવે છે.
- દા.ત. :
    - પથ્થર થરથર ધ્રૂજે.
    - ગગને સૂરજ ઝોંકા ખાતો, આભ તણી આંખો ઘેરાઈ.
    - નામવરા તાકાત વધારે પડતી ઉદારતાથી શરમિંદી(મહારાજ) પડે છે.
    - હાંફી ગયેલા શ્વાસના પગને તપાસીએ.
    - ઘડિયારના કાંટા પર હાફ્યા કરે સમય.
    - બપોર એક મોટું શિકારી કુતરું છે.
    - છકડો પાણીપંથો ઘોડો થઈ ગયો.
    - સડક પણ પડખું ફરીને સૂઈ ગઈ.
    - વડલો ખુશ થયો અને અમારા પર પાનવર્ષા કરી.
    - માટીનું આ ખોરડું ઘસઘસાટ ઊંઘતું હતું.
    - રાતો-રાત વનપટ પડખું બદલી લે છે.

**9. અતિશયોક્તિ**

- જયારે કોઈ હકીકતને વધારીને કહેવામાં આવે ત્યારે અતિશયોક્તિ અલંકાર બને છે.
- આ અલંકારમાં ઉપમેય ઉપમાનમાં સમય જાય છે.
- દા.ત. :
    - પડતા પહેલા જ તેના પ્રાણ નીકળી ગયા.
    - તેના ધનુષ્ટંકાની સાથે જ શત્રુઓ મરવા લાગ્યા.
    - રે સૂર્યમાં માછલી તરી રહી.
    - કુંતી! તારા કર્ણને પણ તુ લેતી જા.
    - ઉપાનરેણુએ(પગની રજ) અભ્ર છાયો જોજન કોટાનકોર(કરોડ).
    - એ હતુ કટક, ના ના એ તો તલવારનું અરણ્ય.
    - એ નાટક એટલું કરૂણ હતું કે થિયેટર અશ્રુ સાગર બની ગયું.

- જૂનું તો થયું રે દેવળ(શરીર) જૂનું તો થયું.
  મારો હંસલો(આત્મા) નાનો ને દેવળ જૂનું તો થયું.